જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,૨૫૬૩૦૩૦૦,૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૬/૫/૨૦૧૫ બુધવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

શહેર પોલીસ ધ્વારા કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરીઃ- સમાચાર યાદી નં.૯૧૦ /૧૫

## શહેર વિસ્તારમાં શટલ રીક્ષામાંથી પેસેન્જરો પાસેની બેગમાંથી કિમતી દરદાગીના સીફતપુર્વક કાઢી લેતી ગેંગના માણસોને ઝબ્બે કરતી ક્રાઇમ બ્રાન્ચ.

નાયબ પોલીસ કમિશ્નરશ્રી ક્રાઇમ બ્રાન્ચ અમદાવાદ શહેર નાઓએ મિલ્કત સબંધી ગુન્હાઓ શોધી કાઢવા પો.ઇન્સ.શ્રી એસ.એલ.ચૌધરી નાઓને આપેલ સુચના અન્વયે તેઓએ સ્ટાફના માણસોને જરૂરી સુચનાઓ અને માર્ગદર્શન આપેલ.જે અન્વયે આજરોજ સ્કોડના માણસો પેટ્રોલીંગમાં હતા દરમ્યાન પો.કો.રોહિતસિંહ તેજસિંહ અને પો.કો.ઇન્દ્રજીતસિંહ દિપસિંહ નાઓને બાતમી મળેલ કે અગાઉ શટલ રીક્ષામાં પેસેન્જર તરીકે બેસી પેસેન્જરોની બેગોમાંથી કિમતી દરદાગીના સીફતપુર્વક કાઢી લેવાની એમ.ઓ.થી ગુન્હો કરનાર અને રાણીપ તથા ગોમતીપુર ખાતે પકડાયેલ ઇસમો (૧) (૧) ઐયુબ અબ્દુલરહેમાન પઠાણ ઉ.વ.૨૪ રહે.સૈયદની વાડી, મસ્તાનબાવાની દરગાહ પાછળ, સરખેજ, અમદાવાદ શહેર (૨) આસીફએહમદ મુખત્યારઉજમા અન્સારી ઉ.વ.૩૦ રહે.એ/૩, જૈદ ડુપ્લેક્ષ, મસ્તાન મસ્જીદની પાછળ, ફતેહવાડી સરખેજ અમદાવાદ નાઓને ચોકકસ બાતમી હકિકત આધારે વોચ દરમ્યાન સીએનજી ઓટો રીક્ષા નં.જીજે ૧ ડીવી ૮૩૦૩ સાથે આજરોજ તા.૫.૫.૨૦૧૫ ના કલાક ૧૬.૪૫ વાગે પકડી પાડી પુછપરછ કરતા આજથી દસેક દિવસ અગાઉ ઉપરોકત બન્ને ઇસમોએ પોતાના સાથીઓ તારીક આરીફભાઇ અન્સારી તથા રફીક વાજુદ્દિન અન્સારી નાઓ સાથે મળી ઉપરોકત ઓટો રીક્ષામાં એક્ષપ્રેસ હાઇવેના નાકા ઉપરથી પેસેન્જર તરીકે સાંજના સમયે એક બહેન બેસાડી તેઓની બેગમાંથી રબારી કોલોની સુધીમાં પહોંચતા પહેલા રસ્તામાં ચાલુ રીક્ષાએ થેલામાંથી સોનાના દાગીના ભરેલ પર્સ કાઢી લીધેલ.અને રીક્ષાનો વાયર તૂટી ગયેલાનું બહાનું કાઢી તે પેસેન્જર તરીકે બેસાડેલ બહેનને રબારી કોલોની ખાતે ઉતારી નાસી ગયેલા.

ઉપરોકત પકડાયેલ બન્ને ઇસમો અગાઉ રાણીપ તથા ગોમતીપુર પો.સ્ટે.માં આવા પ્રકારના ગુન્હાઓમાં પકડાયેલ છે અને બન્ને વિરુધ્ધ પાસા અટકાયત કરવામાં આવેલ જે બન્ને બે માસ અગાઉ પાસામાંથી છુટેલ છે અને છુટયા બાદ ફરીથી પોતાની આવી પ્રવૃતિ શરૂ કરી દીધેલ છે.

આ કામે પકડવાના બાકી ઇસમો તારીક આરીફભાઇ તથા રફીક વાજુદ્દિન નાઓ બિજનૌરના રહેવાસી છે અને તારીક આ ગેંગનો મુખ્ય માસ્ટર માઇન્ડ હોવાની હકિકત જણાઇ આવેલ છે.

(ઇ.ચા.)નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)